# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક ત્રીજો માળ,અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:*suratdeo@gmail.com*

જા.નં.RMSA/સમૃધ્ધિ-કાર્યક્રમ /૨૦૨૫/૪૭૦-૭૨ તા. ૧૩/૦૧/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી

સરકારી/ગ્રાન્ટેડ/કેન્દ્રીય માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ.

સુરત, જિલ્લો-સુરત ,સુરત કોર્પોરેશન.

આ સાથે સામેલ એડી. સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ,એસપીઓ, સમગ્ર શિક્ષા ગાંધીનગરના પત્ર ક્રમાંક એસએસ/QEM/સમૃધ્ધિ-કાર્યક્રમ/૨૦૨૫/૧૯૮૧-૨૦૫૭ તારીખ- ૦૯/૦૧/૨૦૨૫ ના પત્રનો અમલ અને જાણ સારું.

આ સમૃધ્ધિ-કાર્યક્રમના નોડલ ઓફીસરશ્રી ડો.પ્રજ્ઞેશભાઈ પટેલ (વર્ગ-૨ અધિકારીશ્રી) મો-૯૮૨૫૩ ૭૦૮૩૬ અને શ્રીમતી ક્રિષ્ણાબેન એચ. કોસમીયા (મ.શિ.નિ) મો-૯૯૯૮૯૫૬૦૨૭

જિલ્લા શિક્ષણાધિકારી,

સુરત, જિ. સુરત.

સવિનય નકલ રવાના જાણ સારૂ:-

(૧) પ્રતિ,સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,સમગ્ર શિક્ષા, સમગ્ર શિક્ષાની કચેરી,સેક્ટર-૧૭, ગાંધીનગર

(૨) પ્રતિશ્રી ડો.પ્રજ્ઞેશભાઈ પટેલ (વર્ગ-૨ અધિકારીશ્રી),સુરત

(3) શ્રીમતી ક્રિષ્ણાબેન એચ. કોસમીયા(મ.શિ.નિ)-અત્રેની કચેરી,સુરત

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા,
સેક્ટર–૧૭, ગાંધીનગર
વેબસાઈટ : www.ssagujarat.org
ઈ–મેલ : qem-gcsess@gujarat.gov.in

समग्र शिक्षा
Samagra Shiksha

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

પત્રકમાંક : એસએસ/QEM/સમૃધ્ધિ–કાર્યક્રમ/૨૦૨૫/ ૧૯૮૯–૨૦૫૭ તા. ૯ /૦૧/૨૦૨૫

પ્રતિ,
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિલ્લા તમામ
(૨) જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સમગ્ર શિક્ષા, જિલ્લા : તમામ.
(૩) એડી. જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને શાસનાધિકારીશ્રી, અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત

વિષય : 'સમૃધ્ધિ'કાર્યક્રમ (શિક્ષકો માટે)૨૦૨૪–૨૫ના આયોજન અંગે.
સંદર્ભ : (૧) સમૃધ્ધિ કાર્યક્રમ ૨૦૨૪–૨૫ ની ગાઈડ લાઈન
(૨) નોંધ ઉપર માન.એસપીડીશ્રીની મંજૂરી અન્વયે

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, એનસીઈઆરટી (NCERT), ન્યુ દિલ્લી ધ્વારા 'સમૃધ્ધિ' કાર્યક્રમ ૨૦૨૪–૨૫ ની ગાઈડ લાઈન અંગ્રેજી અને હિન્દીમાં અત્રે મળેલ છે. જે અન્વયે હિન્દી/અંગ્રેજી ગાઈડ લાઈનની ક્રમ–(૧) થી ક્રમ–(૬) માં દર્શાવેલ જરૂરી વિગતો અનુસાર ગુજરાતીમાં માર્ગદર્શક સૂચનાઓ તૈયાર કરેલ છે. છે, જે નીચે મુજબ છે.

**(૧) સમૃધ્ધિ કાર્યક્રમ: પરિચય**

સમૃધ્ધિ કાર્યક્રમ(ધો.૯ થી ધો.૧૨ના શિક્ષકો માટે)ની ટૂંકી વિગતો નીચે મુજબ છે.

સમૃધ્ધિ કાર્યક્રમ એ ધોરણ–૯ થી ૧૨ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરાવતા હોય તે શિક્ષકો માટે રાષ્ટ્રીય કલા ઉત્સવ અનુસંધાને આયોજિત એક રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા છે. આ એક પ્રકારે રાષ્ટ્રીય કક્ષાના કલા ઉત્સવનું વિસ્તરણ છે. જેમાં શિક્ષકોને પોતાની કલાના સમાવેશન ધ્વારા અપાતા શિક્ષણ શાસ્ત્ર(શિક્ષણ પધ્ધતિ)ને પ્રદર્શિત કરવાનો શ્રેષ્ઠ અવસર પ્રાપ્ત થાય છે. આ કાર્યક્રમમાં માધ્યમિક કક્ષાનો પાઠયક્રમ/અભ્યાસક્રમ સામેલ છે.

કલા ઉત્સવ શિક્ષા મંત્રાલય (MHRD) ના રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અનુસંધાને ૨૦૧૫માં શરૂ કરવામાં આવેલી એક પહેલ છે. જેનો ઉદ્દેશ ભારતમાં માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કલાઓના કૌશલ્યોને પ્રદર્શન કરી પ્રોત્સાહિત કરી કલા શિક્ષણને વેગવંતુ બનાવવાનો છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦(NEP-2020) અને NCF-2023 ની ભલામણો ઉપર આધારિત આ સમૃધ્ધિ–૨૦૨૪ કાર્યક્રમનો ઉદ્દેશ શિક્ષકો ધ્વારા વિવિધ કલાઓ આધારિત પોતાના શૈક્ષણિક અનુભવોને અભ્યાસક્રમ સાથે જોડવાના મહત્વપૂર્ણ યોગદાનને બિરદાવી અને તેઓને આ કાર્ય માટે વધુ પ્રોત્સાહિત કરવાનો છે.

સમૃધ્ધિ કાર્યક્રમ રાજયની તમામ પ્રકારની ધોરણ–૯ થી ૧૨ની માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો માટે રાષ્ટ્રીય કલા ઉત્સવના અનુસંધાને આયોજિત રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા છે. જેમાં શિક્ષક પોતે અથવા ૦૨ શિક્ષકોની ટીમ બનાવીને કૃતિ/પ્રપોઝલ રજુ કરી શકશે.

આ વર્ષે કલા ઉત્સવ અંતર્ગત કલાના સમાવેશન ધ્વારા અપાતા શિક્ષણ શાસ્ત્રની પ્રક્રિયાઓને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓના એક અલગ વર્ગ–સમૃધ્ધિના રૂપે જોડેલ છે. જેનો ઉદ્દેશ માધ્યમિક કક્ષાએ કલાના સમાવેશન ધ્વારા અપાતા શિક્ષણશાસ્ત્રને પ્રોત્સાહિત કરવાનો અને લોકપ્રિય બનાવવાનો છે. આ કાર્યક્રમ સમગ્ર દેશના શિક્ષકો ધ્વારા કલાના સમાવેશન ધ્વારા અપાતા શિક્ષણશાસ્ત્રની પ્રક્રિયાઓને પ્રદર્શિત કરવાનું એક મહત્વનું મંચ–પ્લેટફોર્મ છે.

**શિક્ષક ધ્વારા કૃતિ(પ્રોજેક્ટ)તૈયાર કરવા તેઓ જે ધોરણમાં જે વિષય ભણાવતાં હોય તે વિષયનો આદર્શ નિદર્શન પાઠ(લેશન પ્લાન)તૈયાર કરી, તેની પ્રસ્તુતિ માટેનો ૨૦ મિનિટનો વિડીયો તથા તે સંદર્ભનું લખાણ મહત્તમ ૫૦૦ શબ્દોમાં તૈયાર કરવાનું છે.**

સમૃધ્ધિની સ્પર્ધાઓનું આયોજન તમામ સ્તરે(જિલ્લા, રાજ્ય)યોજવામાં આવશે અને રાજયકક્ષાએ મળેલ શ્રેષ્ઠ કૃતિ/ પ્રપોઝલમાંથી પ્રથમક્રમે આવનાર કૃતિ/પ્રપોઝલને રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા મોકલવામાં આવશે.

શિક્ષક ધ્વારા કૃતિ(પ્રોજેક્ટ), આદર્શ નિદર્શન પાઠ(લેશન પ્લાન)તૈયાર કરતી સમયે 'સમૃધ્ધિ' ગાઈડ લાઈન (હિન્દી/અંગ્રેજી)માં આપવામાં આવેલ કલા સંકલિત શિક્ષણ શાસ્ત્રની મુખ્ય લાક્ષણિકતાઓ, સમૃધ્ધિ કાર્યક્રમ/સ્પર્ધામાં ભાગ લેવા માટેની માર્ગદર્શિકા,યોગ્યતા તથા અન્ય તમામ બાબતોનો સંપૂર્ણ અભ્યાસ કરવો.



E:\2024\Samriddhi-2024\NODH-24.docx

(૨) કલા સંકલિત શિક્ષણશાસ્ત્રની મુખ્ય લાક્ષણિકતાઓ :

1. આયોજિત પ્રવૃત્તિઓ ચોકકસ વિષયો/પેટા વિષયોના શીખવાના પરિણામો સાથે સીધી રીતે સબંધિત હોવી જોઈએ.
2. આંતરિક વિષય જોડાણના અભિગમ આધારિત હોવી જોઈએ. જેથી એકબીજા સાથે અનુભવોની આપ લે થઈ શકે.
3. આલોચનાત્મક ચિંતન અને ૨૧મી સદીના કૌશલ્યોનું એકીકરણ હોવું જોઈએ.
4. કલા સંકલિત શિક્ષણમાં સ્વદેશી હસ્તકલા, રમકડાં અને સ્થાનિક સંસાધનો (ભારતીય જ્ઞાન પરંપરા સંમ્મેલીત)માં મહત્વના ભાગ તરીકે સામેલ કરવું.
5. સર્જનાત્મક શૈક્ષણિક વિવિધ પ્રયોગો માટે શિક્ષક એક ટીમ બનાવીને પણ વર્ગને જોડી શકે છે.
6. વિદ્યાર્થીઓ માટે આનંદદાયી શિક્ષણ અને વિવેચનાત્મક વિચારસરણીનો વિકાસ થાય તે પ્રકારનું શિક્ષણશાસ્ત્ર જરૂરી છે.
7. વિવિધ કલાના સમાવેશન ધ્વારા શિક્ષણશાસ્ત્રને વધુ રોચક બનાવવા માટે પરિણામ કરતા પ્રક્રિયા ઉપર વધુ ભાર આપવો.
8. કોઈપણ પ્રકારના ભેદભાવ વિના સર્વ સમાવેશક શિક્ષણ આધારિત વાતાવરણનું નિર્માણ થવું જરૂરી છે.
9. પ્રક્રિયાઓ અને પ્રવૃત્તિઓમાં સ્થાનિક સંસાધનોના મહત્તમ ઉપયોગ ધ્વારા તેનો વ્યાપ વધારવા માટે હોય તેવી હોવી જોઈએ.
10. વિદ્યાર્થીઓ માટે શીખવાના ઉદ્દશોની પૂર્તિ માટે, જેમાં શીખવવામાં આવતા વિષયનું વિષયવસ્તુ અથવા ખ્યાલ અને કલાનું સંકલન બંન્નેનો સમાવેશ હોય.
11. શીખનાર(અધ્યેતા) કેન્દ્રિત શિક્ષણની વિભાવનાઓના આધારે સમૃધ્ધિ કાર્યક્રમ શીખનારના શારીરિક, સામાજિક, નૈતિક, જ્ઞાનાત્મક અને ભાવાત્મક વિકાસમાં શિક્ષકોની અસરકારક ભૂમિકાના મહત્વ ઉપર પ્રકાશ પાડે છે.

(૩) સમૃધ્ધિમાં ભાગ લેવા માટે સામાન્ય માર્ગદર્શિકા :

- રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા માટે દરેક રાજય/કેન્દ્રશાસિત પ્રદેશ/કેન્દ્ર શાસિત સંગઠન/નવોદય વિદ્યાલય/એકલવ્ય મોડલ રેસીડન્સી સ્કુલમાંથી માત્ર એક જ પ્રવેશ(કૃતિ)મોકલવામાં આવશે.
- જો શિક્ષકો ઈચ્છે તો બે શિક્ષકોની પણ ટીમ બનાવી આ કાર્યક્રમમાં ભાગ લઈ શકે. તેમાં ધોરણ–૯ થી ૧૨ ના સાક્ષરી વિષયો ભણાવતા એક શિક્ષક મુખ્ય આવેદક તરીકે ભાગ લેશે અને સહાયક(બીજો શિક્ષક) તરીકે તે જ શાળાના કલાને લગતા વિષય જેવા કે, દ્રશ્ય, સંગીત, નૃત્ય, નાટક ભણાવતા કાયમી શિક્ષક તરીકે હશે. અથવા એક શિક્ષક પણ ભાગ લઈ શકશે.
- આ કાર્યક્રમમાં ભાગ લેવા શિક્ષકે પોતાની પ્રસ્તુતિ (લેશન) કૃતિને(પ્રોજેકટ પ્રપોઝલ) રાષ્ટ્રીય સંયોજક/કલા ઉત્સવને સબમીટ કરવાનું છે. જેમાં ધોરણ–૯ થી ૧૨ ના સાક્ષરી વિષયો (વિજ્ઞાન, માનવતા, ભાષા, ગણિત વગેરે વિષયો)ઉપર આધારિત હશે અને તેને કોઈપણ પ્રકારના કલાત્મક અભિવ્યકિત(વિષય–ક્ષેત્ર/થીમ) ઉપર નિર્મિત કરેલ હોય
- પ્રોજેકટ પ્રપોઝલ કલા સબંધિત શિક્ષણ શાસ્ત્ર પર આધારિત હોય અને તે શાળાના આચાર્ય ધ્વારા પ્રમાણિત કરેલ હોય.
- કૃતિ(પ્રોજેકટ)પ્રસ્તુતિ માટે કોઈપણ કલા સ્વરૂપ(દ્રશ્યકલા/સંગીત/નૃત્ય/નાટક)કલાનું મિશ્રણ કરી શકાય.
- ICT ટેકનોલોજીનો ઉપયોગ કરી શકાશે.
- કૃતિ(પ્રોજેકટ)ની પ્રસ્તુતિ બાબતનું લખાણ ૫૦૦ શબ્દોથી વધારે ન હોવું જોઈએ. આ પ્રસ્તુતિ–હિન્દી લખાણ(ફોન્ટ કોકીલા, સાઈઝ–૧૬) અથવા અંગ્રેજી લખાણ (ફોન્ટ Times new roman, Font size-12,ward count 500 max)(કૃતિ/પ્રોજેકટની પ્રસ્તુતિ હિન્દી અથવા અંગ્રેજીમાં કરી શકાશે.)
- આ કૃતિની પ્રસ્તુતિ સ્પષ્ટ અને મહત્વપૂર્ણ બાબતોને નિદર્શન કરતું અને લખાણમાં જરૂરી ચિત્રો કે ફોટો (JPG) અથવા વિડીયો (M.P.4) ની લીંક જોડવી જરૂરી છે.
- કૃતિ(પ્રોજેકટ)અંગેનો પ્રસ્તાવ અને તેને લગતું લખાણ હિંદી અથવા અંગ્રેજીમાં કરવું.
- કૃતિ(પ્રોજેકટ)માં ઉપયોગમાં લેવાતા દરેક સાધન/સામગ્રી(TLM)ની બાબતોનું લખાણ આ પ્રસ્તાવમાં થવું જરૂરી છે
- કૃતિ(પ્રોજેકટ)ના પ્રસ્તુતિ માટેનો સમયગાળો કુલ ૨૦ મિનીટનો છે અને નિર્ણાયકો સાથે ચર્ચા–સંવાદ બાબતે અન્ય ૦૫ મિનીટ આપવામાં આવશે. (કુલ ૨૫ મિનીટ)
- કૃતિ(પ્રોજેકટ)નો પ્રસ્તાવ નોડલ અધિકારી ધ્વારા પ્રમાણિત કર્યાબાદ રાષ્ટ્રીય સંયોજક સાથે ૧૫ દિવસ પહેલા મોકલવામાં આવશે.
- આ અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શિકા/સૂચનાઓ, પ્રરિપત્ર, સુચના અંગેની વધુ વિગત માટે કલા ઉત્સવની અધિકૃત વેબસાઈટ **kalautsav.ncert.gov.in/Samriddhi.php** પર મૂકવામાં આવશે. તો આ અંગેના અપડેટ માટે અને અન્ય જાણકારી માટે કલા ઉત્સવ વેબ સાઈટ જોતાં રહેવું.

(૪) યોગ્યતા :

- ધોરણ–૯ થી ૧૨ ના સરકારી, સરકારી ગ્રાન્ટ ઈન એઈડ, ખાનગી શાળાના કાયમી શિક્ષકો જે કોઈપણ રાજ્ય અથવા કેન્દ્રીય બોર્ડ સાથે કાર્યરત હોય તેઓ "સમૃધ્ધિ(૨૦૨૪–૨૫)–કલા ઈન્ટીગ્રેટેડ(સંકલિત)લર્નીંગમાં ભાગ લઈ શકશે.
- રાજ્ય/કેન્દ્રશાસ્તિ પ્રદેશોની શાળાઓ સાથે જે તે રાજ્યમાં આવેલી અન્ય CTSA, DMS, રેલ્વે બોર્ડ, BSF, CRPF, પરમાણું ઉર્જા આયોગ, સેના, વાયુસેના, કોન્ટોનમેન્ટ બોર્ડ, NDMC, KGBV, વગેરે શાળાઓ જિલ્લા અને રાજ્ય કક્ષાએ યોજાનાર સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે.
- કેન્દ્રીય વિદ્યાલય સંગઠન/નવોદય વિદ્યાલય સમિતિ/એકલવ્ય મોડલ શાળાના વિદ્યાર્થીઓ પોતાની શાળાઓમાં આ સ્પર્ધાઓનું આયોજન કરશે અને તેમની વિજયી થયેલ કૃતિ(પ્રોજેક્ટ)ને રાષ્ટ્રીય સ્તર પર ભાગ લેવા મોકલી શકશે. આમ રાષ્ટ્રીય કક્ષાએ કુલ ૩૯ ટીમો વચ્ચે સ્પર્ધા યોજાશે.(૩૬ રાજ્યો + KVS + NVS + એકલવ્ય મોડલ નિવાસી શાળા)
- **આ કાર્યક્રમમાં ભાગ લેનાર શિક્ષકોનો શૈક્ષણિક અનુભવ ઓછામાં ઓછો બે વર્ષનો હોવો જરૂરી છે.**

**ખાસ નોંધ :**

1. દરેક નોડલ અધિકારીઓ પોતાના રાજ્ય/ક્ષેત્રમાં આવતી તમામ શાળાઓ જિલ્લા કક્ષા/રાજ્ય કક્ષાની આ સ્પર્ધામાં ભાગ લે તે સુનિશ્ચિત કરે.કારણ કે આ સ્પર્ધાઓ થકી તંદુરસ્ત હરીફાઈ થકી સક્ષમ અને પ્રવૃત્તિજન્ય શિક્ષકોમાંથી શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી થઈ શકે. આ સ્પર્ધામાં ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકો ભાગ લે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
2. વિજેતાઓને મળવાપાત્ર રકમ સીધી જ DBT માધ્યમ થકી તેઓના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. કોઈપણ રાજ્ય કે સંગઠનને આ રકમ આપવામાં આવશે નહી.

(૫) મૂલ્યાંકન માપદંડ– શિક્ષક માટે કલા સંકલિત શિક્ષણશાસ્ત્રની સ્પર્ધા :

મૂલ્યાંકન પત્રક

| સામગ્રી/વિષયવસ્તુ (૫ ગુણ) કલા અને હસ્તકલાના સંદર્ભમાં કૃતિ(પ્રોજેક્ટ) યોજનાની યોગ્યતા (૧૫) | શિક્ષણ શાસ્ત્રની પ્રાસંગિકતા(પર્યાવરણ, સંસ્કૃતિ, સ્થાનીક કલા અને હસ્તકલા સાથેનું જોડાણ) | વિદ્યાર્થીઓની ભાગીદારી | પ્રક્રિયાઓ | પ્રસ્તુતિ કૌશલ્ય | કુલ ગુણ |
|---|---|---|---|---|---|
| 20 | 20 | 20 | 20 | 20 | 100 |
| | | | | | |

ઈનામની રકમ (રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે)

| | |
|---|---|
| પ્રથમ ક્રમ | 25,000 |
| દ્વિતીય ક્રમ | 20,000 |
| તૃતિય ક્રમ | 15,000 |

- વિજેતા ટીમમાં તમામ સદસ્યોમાં સરખી રીતે ઈનામની રકમ વિભાજન થશે.
- વિજેતાઓને અપાતી રકમ સીધી તે શિક્ષકના ખાતામાં જમા કરવામાં આવશે.

(૬) શિક્ષકોએ ભરવાનું પત્રક –(એ)

| નામ મોટા અક્ષરે વિગત | વિષય શિક્ષક | કલા શિક્ષક |
|---|---|---|
| પાસપોર્ટ સાઈઝનો ફોટો | | |
| જન્મ તારીખ | | |
| કાયમી સરનામું | | |
| આધાર નંબર | | |
| ઈ મેઈલ | | |
| મોબાઈલ નંબર | | |
| હોદ્દો | | |
| ભણાવતા વિષય અને ધોરણ | | |
| શાળાનું નામ અને સરનામું | | |
| શાળાનો યુ ડાયસ કોડ | | |
| ખાતામાં દાખલ તારીખ | | |
| અનુભવ | | |

| | | |
|---|---|---|
| કેટેગરી જો હોય તો SC, ST, OBC | | |
| દિવ્યાંગ (હા/ના) | | |
| બેંકની વિગતો | | |
| PAN નંબર | | |
| બેંકનું નામ | | |
| ખાતા નંબર | | |
| IFSC કોડ | | |

**કૃતિ(યોજનાઓ/પ્રોજેક્ટ)આવેદન માટેનું નમૂના પત્રક**

આ કાર્યક્રમમાં ભાગ લેવા માટેના લખાણની પ્રસ્તુતિ અને પ્રક્રિયા તેના મહત્વ અને વિશેષતા રજૂ કરતો લેખ/પ્રપોઝલ પ્લાન સ્પષ્ટ અને સચોટ રીતે લખી મોકલવો.

**કૃતિ પ્રોજેક્ટ અંગેના લખાણનો લેખ :**

**હિન્દીમાં લખાણ માટે(ફોન્ટ–કોકીલા, ફોન્ટ સાઈઝ–૧૬, કુલ શબ્દો મહત્તમ–૫૦૦)**

**અંગ્રેજી લખાણ માટે (ફોન્ટ Times new roman, Font size-12,ward count 500 max)**

**પત્રક–(બ)**

**આ સ્પર્ધામાં ભાગ લેનાર શિક્ષક નીચે જણાવેલ માહિતી પ્રમાણે વિગતો ભરે.**

| વિગતો | વિષય શિક્ષક | કલા શિક્ષક |
|---|---|---|
| વિષય | | |
| ક્ષેત્ર વિષય થીમ | | |
| કરીક્યુલમ ગોલ/ધ્યેય | | |
| ક્ષમતા માટેનું માપન | | |
| લર્નીંગ આઉટકમ | | |
| વિષય વસ્તુ શીખવવા માટે ઉપયોગમાં લેવાતી વિવિધ કલાઓની માહિતી | | |
| પ્રોજેક્ટ માટેની પ્રક્રિયાઓ અને વ્યુહ રચનાઓ સમગ્ર યોજના/પ્રોજેક્ટનું મહત્વ ૫૦૦ શબ્દોમાં લખાણ અને મહત્તમ વધુમાં વધુ સારામાં સારા ૦૫ જેટલા ફોટોગ્રાફસ | | |
| ઉપયોગમાં લેવાયેલ સંશાધનો | | |
| મૂલ્યાંકન | | |
| અનુકાર્ય પ્રવૃત્તિઓ | | |
| સમીક્ષા | | |

ઉક્ત બાબતોને લક્ષ્યમાં લઈને, તમામ બાબતો સમાવેશ કરીને રાષ્ટ્રીય કક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમના ભાગરૂપે જિલ્લાકક્ષા તથા રાજયકક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમ માટે નીચે મુજબ આયોજન કરવા જણાવવામાં આવે છે.

**(૧) જિલ્લા કક્ષાનો સમૃધ્ધિ કાર્યક્રમ :**

જિલ્લા કક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમનું આયોજન ઉપરની માર્ગદર્શક સૂચનાઓ તથા નીચેની સૂચનાઓ સમાવિષ્ટ કરીને તા.૨૨/૦૧/૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

**<u>જિલ્લા કક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમ માટે સૂચનાઓ</u> :**

(એ) જિલ્લાની ધો.૯ થી ધો.૧૨ની તમામ શાળાઓને જાણ કરીને આ કાર્યક્રમ માટે ઉત્સાહી શિક્ષકો પાસેથી સમૃધ્ધિ કાર્યક્રમ માટે આપેલ ઉપર દર્શાવેલ વિગતો જેમાં, <u>(૧) મુખ્ય લાક્ષણિકતાઓ (૨) સમૃધ્ધિ કાર્યક્રમમાં ભાગ લેવા માટેની સામાન્ય માર્ગદર્શિકા (૩) સમૃધ્ધિ કાર્યક્રમમાં ભાગ લેવા માટેની યોગ્યતા વગેરેને</u> ધ્યાને લઈ ભાગ લેવા તમામ શાળાના શિક્ષકોને જાણ કરવાની રહેશે. (હિન્દી/અંગ્રેજી ગાઈડ લાઈન સામેલ)

(બી) ભાગ લેનાર શિક્ષક પોતે અથવા શિક્ષક અને તેના સહભાગી શિક્ષક ધ્વારા તેઓની કૃતિ/પ્રોપઝલ

(સી) ભાગ લેનાર શિક્ષક પાસેથી પત્રક–(એ) અને પત્રક–(બી)ભરીને જિલ્લા કક્ષાએ તેમની કૃતિ/પ્રપોઝલ નિયત નમૂનામાં સૂચના અનુસાર જિલ્લા કક્ષાએ તા.૧૬/૦૧/૨૦૨૫ સુધીમાં મંગાવવી. કૃતિ/પ્રપોઝલ શિક્ષક ધ્વારા કૃતિ(પ્રોજેક્ટ)તૈયાર કરવા તેઓ જે ધોરણમાં જે વિષય ભણાવતા હોય તે વિષયનો આદર્શ નિદર્શન પાઠ(લેશન પ્લાન)તૈયાર કરી, તેની પ્રસ્તુતિ માટેનો ૨૦ મિનીટનો વિડીયો બનાવીને તેની લીંક સ્વરૂપે પત્રકમાં મૂકવી તથા તે સંદર્ભનું લખાણ મહત્તમ ૫૦૦ શબ્દોમાં તૈયાર કરીને તે પણ પત્રકમાં મૂકવાનું રહેશે.

(ડી) જિલ્લા કક્ષાએ આપેલ કૃતિ/પ્રપોઝલની ચકાસણી જિલ્લા કક્ષાએ એક મૂલ્યાંકન સમિતિ રચના કરીને, તેમના ધ્વારા તા.૨૨/૦૧/૨૦૨૫ સુધીમાં સમૃધ્ધિ કાર્યક્રમ અંગેના મૂલ્યાંકન માપદંડ(મૂલ્યાંકન પત્રક અનુસાર)જે ગાઈડ લાઈનમાં આપેલ છે જે અનુસાર પૂર્ણ કરવા તથા પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમની પ્રપોઝલની પસંદગી કરવાની રહેશે.

(ઈ) જિલ્લા કક્ષાની સમિતિમાં નીચે મુજબના સભ્યો નિયુકત કરવાના રહેશે.

(૧)ધોરણ–૯ થી ૧૨ના સાક્ષરી વિષયોના નિષ્ણાંત શિક્ષક/તજજ્ઞ–વિષયદીઠ–૦૧ (પ્રપોઝલ આધારે નકકી કરવા)

(૨) ડાયટના વિષયને આનુષંગિક લેકચરર – વિષયદીઠ–૦૧ (પ્રપોઝલ આધારે નકકી કરવા)

(૩) સમૃધ્ધિ કાર્યક્રમ માટે (કલા ઉત્સવના ક્ષેત્રો જે તે કલા/કૃતિ) – જે તે કલા ક્ષેત્ર/કૃતિ દીઠ–૦૧ તજજ્ઞો (દ્રશ્યકલા/સંગીત/નૃત્ય/નાટક–થિયેટર)માંથી પ્રપોઝલની ચકાસણી આધારે જરૂરીયાત અને આવશ્યકતા મુજબના વિષયક્ષેત્રના તજજ્ઞો(પ્રપોઝલ આધારે નકકી કરવા)

(૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી– અધ્યક્ષ

આ કાર્યક્રમ માટે ડીઈઓ કક્ષાએથી નોડલ ઓફિસરની નિમણૂંક કરવા તથા નોડલ ઓફિસરના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કામગીરી જિલ્લા કો.ઓર્ડિનેટર સેકન્ડરીએ ડીઈઓના અધ્યક્ષ સ્થાને કરવી.(જે જિલ્લામાં સેકન્ડરી કો.ઓર્ડિનેટર ન હોય ત્યાં મદદનીશ જિલ્લા કો.ઓર્ડિનેટર કયુઈએમએ કામગીરી કરવી)નોડલ ઓફિસરની નામ,નંબરની વિગતો સત્વરે રાજયકક્ષાએ મોકલી આપવાની રહેશે.

**સમૃધ્ધિ કાર્યક્રમ માટે બજેટ અને બેકઅપ ખર્ચ :**

આ કાર્યક્રમ માટે ચાલુ વર્ષના બજેટમાં કોઈ અલગથી બજેટ કે એકટીવીટી સમાવેશ કરેલ નથી. પરંતુ એનસીઈઆરટી ધ્વારા શિક્ષકો માટે નવી પહેલ તરીકે સમૃધ્ધિ કાર્યક્રમ કરવા જણાવેલ છે.

વધુમાં આ કાર્યક્રમ કલા ઉત્સવ અંતર્ગત કાર્યક્રમ હોઈ, જિલ્લાકક્ષાનો સમૃધ્ધિ કાર્યક્રમ યોજવા કુલ રૂા. ૨૦,૦૦૦/–(વીસ હજાર)ની ગ્રાન્ટ મર્યાદામાં નિયત કરેલ હોઈ તેને ધ્યાને લઈ

(૧) જિલ્લા કક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમ માટે નીચે દર્શાવેલ ખર્ચ ભાવનગર, બોટાદ, દેવ.ધ્વારાકા, ગીર સોમનાથ, પાટણ, પોરબંદર, સાબરકાંઠા, સુરેન્દ્રનગર આ ૦૮ જિલ્લાઓને જિલ્લાદીઠ રૂા.૨૦,૦૦૦/–ની ગ્રાન્ટ રાજય કક્ષાએથી સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ સદરમાંથી (MMER)ફાળવણી હાલની પ્રણાલી મુજબ અત્રેની હિસાબી શાખા મારફતે ફાળવવામાં આવશે.જે ગ્રાન્ટ ડીપીસી કક્ષાએથી ડીઈઓ કચેરીને ફાળવવાની રહેશે. જિલ્લાકક્ષાનો સમૃધ્ધિ કાર્યક્રમ પૂર્ણ થયાબાદ તે અંગેના ખર્ચના હિસાબો તેના યુટીસી સહિત મેળવીને અત્રે મોકલવા તથા અસલ ફાઈલ જિલ્લા કક્ષાએ જમા રાખી જે તે સમયે ઓડીટ કરવવાનું રહેશે.

(૨) ઉકત (૧) દર્શાવેલ ૦૮ જિલ્લા સિવાયના ૨૬ જિલ્લાઓએ કુલ ગ્રાન્ટ રૂા. ૨૦,૦૦૦/– પૈકી જિલ્લા પાસે જિલ્લા/ઝોન/રાજય કક્ષાના કલા ઉત્સવની બચત ગ્રાન્ટ/રકમ તથા ખૂટતી રકમ જિલ્લા મેનેજમેન્ટમાંથી ફાળવવાની રહેશે. કાર્યક્રમ પૂર્ણ થયેથી તે અંગેના ખર્ચ પણ જે તે ફાળવેલ ગ્રાન્ટ સદરે ઉધારવાની રહેશે.

(૩) રાજય કક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમ માટે નેશનલ કક્ષાના કલા ઉત્સવની બચત રકમ તથા તે ઉપરાંતનો વધારાનો ખર્ચ સ્ટેટ મેનેજમેન્ટ સદરે કરવાનો રહેશે.

**જિલ્લા કક્ષાની સ્પર્ધા/કાર્યક્રમ માટે બેકઅપ :**

(૧) તજજ્ઞ ભથ્થુ અને ટીએ/ડીએ : સમૃધ્ધિ કાર્યક્રમ અંતર્ગત આવેલ પ્રપોઝલની ચકાસણી માટે ઉપસ્થિત તજજ્ઞો/સભ્યોને પ્રતિ દિવસ રૂા.૫૦૦/–તજજ્ઞ ભથ્થુ અને નિયમ મુજબ ટી.એ./ડી.એ. આપવાનું રહેશે.

(૨) આ કાર્યક્રમ અંતર્ગત કન્ટીજન્સી ખર્ચ /આવશ્યકતા મુજબ ખર્ચ(ચા–નાસ્તો, અલ્પાહાર, ભોજન ખર્ચ)કરી શકાશે.

(૩) જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં વિજેતા થનાર કૃતિ/પ્રપોઝલ માટે નીચે મુજબ રોકડ પુરસ્કાર આપવાનું નકકી કરેલ છે, તે મુજબ જિલ્લાકક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમમાં વિજેતા થનાર પ્રથમ ક્રમ, દ્વિતીય ક્રમ, તૃતીય ક્રમની કૃતિ/પ્રપોઝલના વિજેતા શિક્ષકના બેંક એકાઉન્ટમાં તે રકમ જમા કરાવવાની રહેશે.

પ્રથમ ક્રમ –૩,૦૦૦/–, દ્વિતીય ક્રમ – ૨,૦૦૦/–, તૃતીય ક્રમ – ૧,૦૦૦/–

**ખાસ નોંધ : વિજેતા થનાર કૃતિ/પ્રપોઝલ ટીમની હશે તો તેવા સંજોગોમાં ૨ સભ્યોની ટીમના દરેક સભ્યને સરખા ભાગે પુરસ્કાર આપવામાં આવશે.**

(૨) **રાજયકક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમ માટે સુચનાઓ :**

જિલ્લા કક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમમાં પ્રત્યેક જિલ્લામાં વિજેતા ક્રમ–(૧), (૨),(૩)પૈકી પ્રથમ ક્રમે વિજેતા થનાર કૃતિ/ પ્રપોઝલ જિલ્લાદીઠ–૦૧(એક) રાજયકક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમ માટે રાજય કક્ષાએ તા.૨૭/૦૧/૨૦૨૫ સુધીમાં ઈ–મેઈલ balrang24guj@gmail.com પર નિયત નમૂનામાં મોકલી આપવાની રહેશે.

રાજયકક્ષાએ મળનાર ૩૩ જિલ્લા અને ૦૪ કોર્પોરેશન એમ કુલ ૩૭ કૃતિ/પ્રપોઝલ રાજય કક્ષાની સ્પર્ધા માટેની કાર્યવાહી/ચકાસણી રાજયકક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમ માટેની નિયત સમિતિ ધ્વારા સંભવિત તા.૦૫/૦૨/૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે.

રાજયકક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમમાં વિજેતા થનાર કૃતિ/પ્રપોઝલ માટે નીચે મુજબ રોકડ પુરસ્કાર આપવાનું નકકી કરેલ છે. તે મુજબ વિજેતા થનાર પ્રથમ ક્રમ, દ્વિતીય ક્રમ, તૃતીય ક્રમની કૃતિ/પ્રપોઝલના વિજેતા શિક્ષકના બેંક એકાઉન્ટમાં તે રકમ રાજયકક્ષાએથી સીધે સીધી જમા કરાવવામાં આવશે.

પ્રથમ ક્રમ –૫,૦૦૦/–, દ્વિતીય ક્રમ – ૩,૦૦૦/–, તૃતીય ક્રમ – ૨,૦૦૦/–

**ખાસ નોંધ : વિજેતા થનાર કૃતિ/પ્રપોઝલ ટીમની હશે તો તેવા સંજોગોમાં ૨ સભ્યોની ટીમના દરેક સભ્યને સરખા ભાગે પુરસ્કાર આપવામાં આવશે.**

<u>રાષ્ટ્રીય કક્ષાનો સમૃધ્ધિ કાર્યક્રમ/સ્પર્ધા :</u>

રાજય કક્ષાએ વિજેતા પ્રથમ ક્રમની કૃતિ/પ્રપોઝલ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે એનસીઈઆરટી, ન્યુ દિલ્હીને મોકલવામાં આવશે. રાષ્ટ્રીય કક્ષાનો સમૃધ્ધિ કાર્યક્રમના આયોજન અંગેની સૂચનાઓ અત્રે મળેથી તેની જાણ સંબંધિતને કરવામાં આવશે.

રાષ્ટ્રીય કક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમમાં વિજેતા થનાર પ્રથમ ક્રમ, દ્વિતીય ક્રમ, તૃતીય ક્રમની કૃતિ/પ્રપોઝલના વિજેતા શિક્ષક/ટીમને નીચે મુજબ રોકડ પુરસ્કાર શિક્ષકના બેંક એકાઉન્ટમાં સીધે સીધુ જમા કરાવવામાં આવનાર છે.

પ્રથમ ક્રમ –૨૫,૦૦૦/–, દ્વિતીય ક્રમ – ૨૦,૦૦૦/–, તૃતીય ક્રમ – ૧૫,૦૦૦/–

**ખાસ નોંધ : વિજેતા થનાર કૃતિ/પ્રપોઝલ ટીમની હશે તો તેવા સંજોગોમાં ૨ સભ્યોની ટીમના દરેક સભ્યને સરખા ભાગે પુરસ્કાર આપવામાં આવશે.**

ઉકત સમૃધ્ધિ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતી ભાષાંતર કરેલ માર્ગદર્શિકા/ગાઈડ લાઈન તથા તેની સાથે હિન્દી/અંગ્રેજી ગાઈડ લાઈન પણ જિલ્લાઓને મોકલીને તેમના મારફતે તમામ શાળાઓ બહોળી પ્રસિધ્ધિ અર્થે મોકલી આપવા જણાવવામાં આવે છે.

સમૃધ્ધિ કાર્યક્રમ/સ્પર્ધા અંતર્ગત જિલ્લાકક્ષા થી રાષ્ટ્રીયકક્ષાના સમૃધ્ધિ કાર્યક્રમના આયોજન સંદર્ભે જરૂરી માહિતી હેતુ, માર્ગદર્શન અને સંકલન માટે અત્રેની કચેરીના નીચેના અધિકારી/ કર્મચારીઓનો જરૂર જણાયે સંપર્ક કરી શકાશે.

(૧) શ્રી રહેમાનભાઈ એ. પરબડીયા, ઓફિસર ઈન્ચાર્જ ટીચર્સ ટ્રેનીંગ, સમગ્ર શિક્ષા, નં–92741 00653
(૨) શ્રી જશુભાઈ એસ. પરમાર,આસી.ઓફિસર ઈન્ચાર્જ કયુઈએમ, સમગ્ર શિક્ષા, નં–95120 04945
(૩)શ્રી ભરતસિંહ ડી.વાઘેલા,ઈ.ચા.સ્ટેટ રિ.પર્સન,સ્પોટસેલ,સમગ્ર શિક્ષા(બાલવા પ્રા.શાળા),નં–98795 03835

ખાસ નોંધ : ગુજરાતી માર્ગદર્શિકા સરળતા ખાતર આપવામાં આવેલ છે. કોઈપણ તબકકે આવશ્યક/અંતિમ નિર્ણય માટે NCERT દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકા/ગાઈડલાઈન (હિન્દી અને અંગ્રેજી) ધ્યાને લેવાની રહેશે. જે NCERT ની વેબસાઈટ www.kalautsav.in પર ઉપલબ્ધ છે.

(એચ.એચ.ચૌધરી)
સચિવ
એસપીઓ, સમગ્ર શિક્ષા,
ગાંધીનગર

બિડાણ :
(૧) સમૃધ્ધિ કાર્યક્રમ –૨૦૨૪ ગાઈડ લાઈન

**નકલ સવિનય રવાના જાણ અર્થે :**
(૧) માન.અગ્ર સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ),શિક્ષણ વિભાગ, ગાંધીનગર
(૨) માન.એસપીડીશ્રી, સદર કચેરી.
(૩) માન.એએસપીડીશ્રી, સદર કચેરી.
(૪) માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં–૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૫) માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં–૧૨/૧, માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૬) માન.નિયામકશ્રી, જીસીઈઆરટી, સેકટર–૧૨, ગાંધીનગર